અપીલ અરજી નં.૧ તા.૫–૫–૧૨
ફોન નં.૦૨૬૧ ૨૪૨૩૭૫૧–૨૦૯

સામાવાળા : આસી.લો ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતું)

ફરીયાદની હકીકત :–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ અરજદારશ્રીની તા.૧૨–૦૪–૧૨ ની અરજીથી સુરત મહાનગરપાલિકા પાસે રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી લીંબાયતની રજાચિઠ્ઠી રદ કરી જે તે કાયદા અંતર્ગત રદ કરી હોય તેની જોગવાઈ અને કલમો સહિતીની સંપુર્ણ માહિતી, રજાચિઠ્ઠી કાયમ કરી બાંધકામ ફરી શરૂ કરવાની પરવાનગી આપી છે તે જે કાયદાની જે જોગવાઈ મુજબ પરવાનગી આપી તે કાયદાની કલમો સહિત વિગેરેની માહિતી બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૦૫–૦૫–૧૨ ની SMC/FAP/ નં.૧/ ૨૦૧૨–૧૩

અરજદારશ્રી દ્વારા તા.૧૨–૦૪–૧૨ ની અરજીથી રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી લીંબાયતની રજાચિઠ્ઠી રદ કરી જે તે કાયદા અંતર્ગત રદ કરી હોય તેની જોગવાઈ અને કલમો સહિતીની સંપુર્ણ માહિતી, રજાચિઠ્ઠી કાયમ કરી બાંધકામ ફરી શરૂ કરવાની પરવાનગી આપી છે તે જે કાયદાની જે જોગવાઈ મુજબ પરવાનગી આપી તે કાયદાની કલમો સહિત વિગેરેની માહિતી બાબતે મદદનીશ કાયદા અધિકારી અને જાહેર માહિતી અધિકારી કાયદા ખાતાના પત્ર નં.આરટીઆઈ સેલ/૮૨ તા.૦૩–૦૫–૧૨ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ અપીલ અધિકારીને તા.૦૫–૦૫–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવાજોગ પુરક માહિતીની વિગતો વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તક આપવા સાથે વિગતો સહિત તા.૨૧–૦૫–૧૨ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં ઉપસ્થિત રહેવા જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરને તથા સરખા પત્ર નંબર અને તારીખથી અરજદારને પત્ર પાઠવવામાં આવેલ છે.

જેના અનુસંધાને સુનાવણીની તારીખે અને સમયે અરજદાર ઉપસ્થિત રહેલ અને રજુઆત કરેલ કે આરટીઆઈની આઈ.ડી.નં.૮૧ તા.૧૨–૦૪–૧૨ થી મુદ્દા નં.૧ થી ૮ માં જે તે કલમ સહિત કાયદાની જોગવાઈ મુજબની માહિતી વિના મુલ્યે પુરી પાડવી. જયારે મદદનીશ કાયદા અધિકારી અને જાહેર માહિતી અધિકારી ઉપસ્થિત રહેલ નહીં. પરંતુ તેમના તા.૨૫–૦૫–૧૨ થી તેમનો પક્ષ મારી સમક્ષ રજુ કરેલ. જેમાં જણાવેલ વિગતે તેમણે અરજદારે રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ મુજબ આઈ.ડી.નં.૮૧ તા.૧૨–૦૪–૧૨ થી સેન્ટ્રલ ઝોનમાં માહિતી માંગતી અરજી મોકલાવેલ. જે અરજી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ મુજબ સેન્ટ્રલ ઝોન તરફથી કાયદા ખાતાને તબદીલ કરવામાં આવેલ. અરજીનો અભ્યાસ કરતા અરજીમાં જણાવેલ ૧ થી ૮ મુદ્દાઓ કાયદા ખાતાને લગતા ન હોય, અરજદારની અરજી અત્રેના કાયદા ખાતાનાં આ.નં.૮૨ તા.૦૩–૦૫–૧૨ થી તબદીલ કરવામાં આવેલ છે. જે ખાતાઓને આ અરજી તબદીલ કરવામાં આવી છે, તેવી તબદીલી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ મુજબ યોગ્ય છે.

ઉપરોકત હકીકતોને અપીલની સુનાવણીમાં અમારો જવાબ તરીકે માન્ય રાખવા માન સહ નમ્ર અરજ છે.

અરજદારશ્રી દ્વારા તેમની તા.૧૨–૦૪–૧૨ ની અરજીથી આઠ મુદ્દાની માહિતી માંગેલ. મુદ્દા નં.(૧) રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી લીંબાયતની રજાચિઠ્ઠી રદ કરી જે તે કાયદા અંતર્ગત રદ કરી હોય તેની જોગવાઈ અને કલમો સહિતીની સંપુર્ણ માહિતી (૨) રાહુલરાજ ટેક્ષટાઈલ સીટીની રજાચિઠ્ઠી કાયમ કરી બાંધકામ ફરી શરૂ કરવાની પરવાનગી આપી છે તે જે કાયદાની જે જોગવાઈ મુજબ પરવાનગી આપી તે કાયદાની કલમો સહિતની માહિતી આપવા. (૩) રાહુલરાજ ટેક્ષટાઈલ સીટીની તમામ બાંધકામની રજાચિઠ્ઠી રદ કરી હતી, તો રજાચિઠ્ઠી કાયમ કરી પરવાનગી ફકત એક પાર્ટની આપી છે, તો આ સમગ્ર બાબતની જોગવાઈઓ અને કયા કાયદાની કઈ જોગવાઈ જે કાયદાની જે જોગવાઈ મુજબ અલગ અલગ ભાગ પાડી રજાચિઠ્ઠી રદ કરી અને મંજુર (પાસ) કરી તે કાયદાની જોગવાઈ અને કલમો સહિતની સંપુર્ણ માહિતી આપવી. (૪) રાહુલરાજ ટેક્ષટાઈલ સીટીના પ્લાન પાસ વિરૂધ્ધના બાંધકામ કરવા દેનાર બાંધકામ નહીં અટકાવનાર બિલ્ડર સાથે મેળાપીપણાં કરી પ્લાન પાસ વિરૂધ્ધનું

બાંધકામ થવા દેનાર જે તે જવાબદાર અધિકારીઓના નામ હોદ્દા સહિતની સંપુર્ણ માહિતી. (૫) રાહુલરાજ ટેક્ષટાઈલ સીટીમાં જાહેર હેતુ માટે જે રીઝર્વેશન મુકવામાં આવેલ તેની તારીખ, રીઝર્વેશન ઉઠાવી લીંધુ હોય તો તે તારીખ તથા રીઝર્વેશન જે કાયદાની જે જોગવાઈ મુજબ મુકવામાં અને ઉઠાવવામાં આવ્યું હોય તેની કલમો સહિતની કાયદાકીય માહિતી આપવી. (૬) સુરત મહાનગરપાલિકા દ્વારા પ્લાન પાસ વિરૂધ્ધના ઘણાં બધા બાંધકામો દુર કરવામાં આવેલ છે. અમુક આર્કીટેકટ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ છે તે મુજબના પગલાં રાહુલરાજ ટેક્ષટાઈલ સીટીમાં લીધેલ ન લીધેલ તથા જે આર્કીટેકટ વિરૂધ્ધ પગલાં ભરેલ તે જે કાયદાની જે જોગવાઈ મુજબની માહિતી તથા રાહુલરાજ ટેક્ષટાઈલ સીટીમાં પગલાં ભરેલ નથી. બાંધકામ દુર કરેલ નથી તે જે કાયદાની જે જોગવાઈ મુજબ (છાવરેલ) બચાવેલ સેટીંગ કરેલ તે જોગવાઈ અને કલમો સહિતની સંપુર્ણ માહિતી આપવી. (૭) પ્લાન પાસે વિરૂધ્ધનું બાંધકામ થયું તેનું ક્ષેત્રફળ તથા તે ન અટકાવનાર અધિકારીઓના નામ તથા જે સમયગાળા દરમ્યાન આ બાંધકામ થયું તે તથા સમયગાળાની સાઈટે વીઝીટ સહિતની સમગ્ર વિસ્તૃત માહિતી આપવી. સાઈટ વીઝીટ પછી ઉપરી અધિકારીઓને રીપોર્ટ કરેલ ન કરેલ સહિતની સંપુર્ણ માહિતી આપવી. (૮) રાહુલરાજ ટેક્ષટાઈલ સીટીની ખાતાકીય તપાસની સંપુર્ણ માહિતી આપવી તથા તે સંદર્ભે અધિકારીઓની ખાતાકીય તપાસની માહિતી આપવી.

અરજદારે માંગેલ માહિતી તેની સામે જાહેર માહિતી અધિકારી કાયદા ખાતા દ્વારા પત્ર નં.૮૨ તા.૦૩–૦૫–૧૨ થી આઠે આઠ મુદ્દા માટે અરજી કાયદાની કલમ–૬ મુજબ શહેર વિકાસ અધિકારીને સમય અવધિ બાદ તબદીલ કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે આઠ પૈકી એકપણ મુદ્દો કાયદા ખાતાને લગતો નહીં હોવાનું જણાવેલ છે. જયારે અરજદારે અપીલની સુનાવણી સમયે ૧ થી ૮ મુદ્દા અંગે કાયદા ની જોગવાઈઓ સહિતની માહિતી વિના મુલ્યે પુરી પાડવા રજુઆત કરેલ છે. જે માટે અરજી તબદીલ કરેલ છે.

બંને પક્ષોની રજુઆતોને ધ્યાને લેતા અરજદારે માંગેલ માહિતીનો એકપણ મુદ્દો કાયદા ખાતાને સ્પર્શતો ન હોય, કાયદા ખાતા કક્ષાએથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. અને તેના અનુસંધાને અપીલ તબકકે પણ અત્રેના પત્ર નં.૧૦૮ તા.૧૦–૦૫–૧૨ થી સંબંધિત અપીલ અધિકારીઓને અપીલ સમય–મર્યાદામાં તબદીલ પણ કરવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૦૪–૧૨ ની અરજીથી માંગેલ માહિતી માટે મુળ અરજી તથા અપીલ અરજી બંને લાગત જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલ હોય, અને કાયદા ખાતાને સ્પર્શતી કોઈ જ બાબત ન હોય અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(એન.ડી.ચૌહાણ)
ઈ.ચા. લો ઓફિસર
અને અપીલ અધિકારી,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈસેલ/
તા. ૦૫–૨૦૧૨

પ્રતિ,

(૧) આસી.લો ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતું) પ્રતિ,...જાણ તથા અમલ માટે.

અપીલ અરજી નં.૨ તા.૨૯–૧૧–૨૦૧૨

સામાવાળા : આસી.લો ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતું)

ફરીયાદની હકીકત :–

વિષયઃ–આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રીની તા.૨૬–૦૯–૨૦૧૨ ની અરજીથી સુરત મહાનગરપાલિકાની હદમાં સી.ઓ.પી.ના કોર્ટ કેસ બાબતે થયેલ/ થનાર કાર્યવાહીની વિગત, કેસ નંબર, તારીખ તેમજ તેની હાલની સ્થિતિની વિગતો આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૧૧–૨૦૧૨ ની SMC/FAP/ નં.૨/ ૨૦૧૨–૧૩

અરજદારશ્રી દ્વારા સુરત મહાનગરપાલિકાની હદમાં આવેલ સી.ઓ.પી.ના કોર્ટ કેસ બાબતે થયેલ/ થનાર કાર્યવાહીની વિગત , કેસ નંબર, તારીખ તેમજ તેની હાલની સ્થિતિની વિગતો આપવા બાબત અરજી કરેલ. જે બાબતે તેઓ તરફથી માંગેલ માહિતી મળી નથી એ બાબતની અપીલ અધિકારીને તા.૨૯–૧૧–૨૦૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તક આપવા સાથે વિગતો સહિત તા.૨૨–૧૨–૨૦૧૨ ના રોજ બપોરે ૪.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં ઉપસ્થિત રહેવા જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરને તથા સરખા પત્ર નંબર અને તારીખથી અરજદારને પત્ર પાઠવવામાં આવેલ છે.

જેના અનુસંધાને સુનાવણીની તારીખે અને સમયે અરજદાર ઉપસ્થિત રહેલ અને રજુઆત કરેલ કે આર.ટી.આઈ.ની આઈ.ડી.નં.૨૦૧ તા.૨૬–૦૯–૨૦૧૨ ના રોજ અરજી કરેલી જેમાં સી.ઓ.પી.માં કરેલ બાંધકામ બાબતે શહેર વિસ્તારની કાનુની કેસોની માહિતી મંગાવેલ હતી. એમની માંગેલ માહિતીની વિગતો કોર્પોરેશન દ્વારા જે તે જાહેર કાહિતી અધિકારીએ સમયસર આપેલ ન હોય, અપીલ કરવાની ફરજ પડી છે. અરજદાર સ્વેચ્છાએ જણાવે છે કે હાલમાં નામદાર દિવાની અદાલતે તેમની અંશતઃ અરજી મંજુર રાખેલ છે. અને ભવિષયમાં સદર હુકમથી દાવાનું પરીણામ તેમની તરફેણમાં આવે તેવા સંજોગો છે તેને ઘ્યાને રાખી હાલ કરેલ અપીલ નં.૨ અપીલ અધિકારી સમક્ષ હું પરત ખેચું છું. જેથી આ અપીલ બાબતે હવે કાયદા ખાતાએ કંઈ કરવાનું રહેતું નથી.

ઉપરોકત હકીકતોને અપીલની સુનાવણીમાં અમારો જવાબ તરીકે માન્ય રાખવા માન સહ નમ્ર અરજ છે.

બંને પક્ષોની રજુઆતોને ઘ્યાને લેતા અરજદારે માંગેલ માહિતીનો એકપણ મુદ્દો કાયદા ખાતાને સ્પર્શતો ન હોય, કાયદા ખાતા કક્ષાએથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**<u>હુકમ</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૧૧–૨૦૧૨ ની અરજીથી માંગેલ માહિતી માટે મુળ અરજી કાયદા ખાતાના જાહેર માહિતી અધિકારીને મોકલાવવામાં આવેલ. પરંતુ સદર બાબત અરજીમાં જણાવેલ માહિતી કાયદા ખાતાને સ્પર્શતી નથી. પરંતુ વરાછા ઝોનને સ્પર્શતી હોય તેમજ અરજદારે પોતાની અપીલ સ્વચ્છાએ પાછી ખેંચી લીધેલ હોય અને આ અપીલ બાબતે કોઈપણ કાર્યવાહી ન કરવા મૌખિકમાં રજુઆત કરેલ હોય, જેના આધારે હાલની તેઓની અપીલ દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આ હુકમની જાણ અરજદારને લેખિતમાં કરવા સુચના આપવામાં આવે છે.

(એન.ડી.ચૌહાણ)

ઈ.ચા. લો ઓફિસર

અને અપીલ અધિકારી,

સુરત મહાનગરપાલિકા.

નં.લો/આરટીઆઈ/

તા. –૧૨–૨૦૧૨

પ્રતિ,

(૧) આસી.લો ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતું) પ્રતિ,...જાણ તથા અમલ માટે.

અપીલ અરજી નં.૩ તા.૦૬–૦૩–૨૦૧૩

સામાવાળા : આસી.લો ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતું)

ફરીયાદની હકીકત :–

વિષયઃ–આર.ટી.આઈ.એકટ હેઠળ અરજદારશ્રીની તા.૦૬–૦૩–૨૦૧૩ ની અરજીથી સુરત મહાનગરપાલિકા આપેલ માહિતી અપુરતી અને અસંચોષકારક અને માંગેલ માહિતી સાથે બંધબેસતી નહીં આપેલ બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૦૬–૦૩–૨૦૧૩ ની SMC/FAP/ નં.૩/ ૨૦૧૨–૧૩

અરજદારશ્રી દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ સ્પે.સી.એ.નં.૧૩૪૧૧/૨૦૧૨ ના કામે ના.ગુજરાત હાઈકોર્ટના જસ્ટીશ શ્રી કે.એસ.ઝવેરી સાહેબે તા.૧૦–૧૦–૧૨ ના રોજ કન્ડીશનલ વીથડ્રોલ અંગે પસાર કરેલ હુકમના આધારે અરજદારની અરજી બાબતે અત્યાર સુધી કરેલ કાર્યવાહી તેમજ લીધેલ નિર્ણય બાબતની માહિતી આપવા તેમજ કર્મચારીને મૌખિક સાંભળવા તથા માહિતીની નકલ સહી સિકકા સહિત આપવા અંગે અરજી કરેલ. જે બાબતે તેઓ તરફથી માંગેલ માહિતી અપુરતી અને અસંતોષકારક અને માંગેલ માહિતી સાથે બંધબેસતી નહીં આપેલ બાબતની અપીલ અધિકારીને તા.૦૬–૦૩–૨૦૧૩ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ સહિત નકલ તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તક આપવા સાથે વિગતો સહિત તા.૧૬–૦૩–૨૦૧૩ ના રોજ બપોરે ૫.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં ઉપસ્થિત રહેવા જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરને તથા સરખા પત્ર નંબર અને તારીખથી અરજદારને પત્ર પાઠવવામાં આવેલ છે.

જેના અનુસંધાને સુનાવણીની તારીખે અને સમયે અરજદાર ઉપસ્થિત રહેલ અને રજુઆત કરેલ કે આર.ટી.આઈ.ની આઈ.ડી.નં.૨૦૧૯ તા.૦૨–૦૨–૨૦૧૩ ના રોજ અરજી કરેલી જેમાં માંગેલ માહિતી અપુરતી અને અસંતોષકારક અને માંગેલ માહિતી સાથે બંધબેસતી નહીં આપેલ, જેથી અપીલ કરવાની ફરજ પડી છે. અરજદારને મહેકમ ખાતાએ જણાવેલ છે કે આપના કિસ્સામાં યોગ્ય તે ઘટિત નિર્ણય લેવા સારૂ સ્થાયી સમિતિ સમક્ષ નં.સી.સ્થા.સ.૧૦ તા.૦૧–૦૪–૨૦૧૧ થી દરખાસ્ત કરવામાં આવેલ છે, જે અંગે નિર્ણય થઈ આવેલ નથી. અને આ અંગે કાયદા ખાતાએ કશું કરવાનું રહેતું નથી. તેને ધ્યાને રાખી હાલ કરેલ અપીલ નં.૩ અપીલ અધિકારી સમક્ષ મે પરત ખેંચેલ છે. જેથી આ અપીલ બાબતે હવે કાયદા ખાતાએ કંઈ કરવાનું રહેતું નથી.

ઉપરોકત હકીકતોને અપીલની સુનાવણીમાં અમારો જવાબ તરીકે માન્ય રાખવા માન સહ નમ્ર અરજ છે.

બંને પક્ષોની રજુઆતોને ધ્યાને લેતા અરજદારે માંગેલ માહિતીનો મુદ્દો કાયદા ખાતાને સ્પર્શતો ન હોય, કાયદા ખાતા કક્ષાએથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૨–૦૨–૨૦૧૩ ની અરજીથી માંગેલ માહિતી માટે મુળ અરજી કાયદા ખાતાના જાહેર માહિતી અધિકારીને મોકલાવવામાં આવેલ. પરંતુ સદર બાબત અરજીમાં જણાવેલ માહિતી કાયદા ખાતાને સ્પર્શતી નથી. પરંતુ મહેકમ વિભાગને સ્પર્શતી હોય તેમજ અરજદારે પોતાની અપીલ સ્વચ્છાએ પાછી ખેંચી લીધેલ હોય અને આ અપીલ બાબતે કોઈપણ કાર્યવાહી ન કરવા મૌખિકમાં રજુઆત કરેલ હોય, જેના આધારે હાલની તેઓની અપીલ દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આ હુકમની જાણ અરજદારને લેખિતમાં કરવા સુચના આપવામાં આવે છે.

(એન.ડી.ચૌહાણ)

ઈ.ચા. લો ઓફિસર

અને અપીલ અધિકારી,

સુરત મહાનગરપાલિકા.

નં.લો/આરટીઆઈ/

તા.   –૦૩–૨૦૧૩

પ્રતિ,

(૧) આસી.લો ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતું) પ્રતિ,...જાણ તથા અમલ માટે.

(૨) આર.ટી.આઈ.સેલ પ્રતિ,..............જાણ સારૂ.

અપીલ અરજી નં.૧ તા.૧૪–૦૬–૧૩

સામાવાળા : આસી.લો ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતું)

ફરીયાદની હકીકત :–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ અરજદારશ્રીની આઈ.ડી.નં.૨૦૨ તા.૨૫–૦૪–૧૩ ની અરજીથી સુરત મહાનગરપાલિકા પાસે શ્રી પી.જી.દેસાઈના તા.૦૧–૦૧–૨૦૧૦ થી આજદિન સુધીની ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટમાં હાલ ચાલુ અને નિકાલની માહિતી તથા BPMC Act કલમ ૭–ડી હેઠળ જાણ કરવામાં આવેલ છે કે કેમ તે બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૧૪–૦૬–૧૩ ની SMC/FAP/ નં.૧/ ૨૦૧૩–૧૪

અરજદારશ્રી દ્વારા તા.૨૫–૦૪–૧૩ ની અરજીથી શ્રી પી. જી.દેસાઈની તા.૦૧–૦૧–૨૦૧૦ થી આજદિન સુધી સુરત મહાનગરપાલિકા વિરૂધ્ધ ચાલતા કેસો અને સુરત મહાનગરપાલિકાએ દાખલ કરેલ કેસો (ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટમાં) હાલ ચાલુ અને નિકાલ થયા હોય તેવા કેસોમાં સીનીયર કાઉન્સીલર તરીકે રોકેલ હોય તેની સંપુર્ણ માહિતી તેમજ કોની મંજુરીથી રોકેલ? તેમજ તેઓને કેટલી ફી ચુકવાઈ છે? સદર ફી ચુકવવા માટે સ્થાયી સમિતિ, કાયદા સમિતિના ઠરાવો ન થયેલ હોય તેવા સંજોગોમાં આ ફી કયા વ્યાજબીપણાના આધારે ચુકવાઈ છે? ચુકવાયેલ ફી બાબતે સ્થાયી સમિતિને BPMC Act કલમ ૭–ડી હેઠળ જાણ કરવામાં આવેલ છે કે કેમ વિગેરેની માહિતી બાબતે મદદનીશ કાયદા અધિકારી અને જાહેર માહિતી અધિકારી કાયદા ખાતાના પત્ર નં.કાયદા વિભાગ/ આરટીઆઈ સેલ/૧૨૬ તા.૦૩–૦૫–૧૩ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ અપીલ અધિકારીને તા.૧૪–૦૬–૧૩ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવાજોગ પુરક માહિતીની વિગતો સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તક આપવા સાથે વિગતો સહિત તા.૦૫–૦૭–૧૩ ના રોજ બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં ઉપસ્થિત રહેવા જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરને તથા સરખા પત્ર નંબર અને તારીખથી અરજદારને પત્ર પાઠવવામાં આવેલ છે.

જેના અનુસંધાને સુનાવણીની તારીખે અને સમયે અરજદાર ઉપસ્થિત રહેલ અને રજુઆત કરેલ કે આરટીઆઈની આઈ.ડી.નં.૨૦૨ તા.૨૫–૦૪–૧૩ માંગેલ માહિતી અંગે ત્રણ ખાતા ફાઈનાન્સ/ એકાઉન્ટ/ આરટીઆઈ સેલની માહિતી મળેલ નથી તેની જાણ થઈ ત્યાર પછી અપીલ દાખલ કરવાની ફરજ પડી છે. જે અંગે જણાવવાનું કે આરટીઆઈ આઈ.ડી.નં.૨૦૨ તા.૨૫–૦૪–૧૩ ની સેન્ટ્રલ ઝોનમાં માહિતી માંગતી અરજી કરેલ. જે અરજી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ મુજબ મુળ અરજી સેન્ટ્રલ ઝોન તરફથી કાયદા ખાતાને તબદીલ કરવામાં આવેલ. સદર અરજી તબદીલ થઈને આવેલ હોવાથી કાયદા ખાતા તરફથી તબદીલ કરવાની રહેતી નથી. જેથી અપીલ બાબતે કાયદા ખાતાએ કંઈ કરવાનું રહેતું નથી.

ઉપરોકત હકીકતોને અપીલની સુનાવણીમાં અમારો જવાબ તરીકે માન્ય રાખવા માન સહ નમ્ર અરજ છે.

બંને પક્ષોની રજુઆતોને ધ્યાને લેતા અરજદારે માંગેલ માહિતીના મુદ્દા અંગે કાયદા ખાતા દ્વારા તબદીલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો ન હોવાથી કાયદા ખાતા કક્ષાએથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૦૪–૧૩ની અરજીથી માંગેલ માહિતી માટે મુળ અરજી સેન્ટ્રલ ઝોન તરફથી તબદીલ થયેલ હોય, ફરીથી તબદીલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જેથી અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(એન.ડી.ચૌહાણ)

ઈ.ચા. લો ઓફિસર

અને અપીલ અધિકારી,

સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈસેલ/

તા.    ૦૭–૨૦૧૩

પ્રતિ,

(૧) આસી.લો ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતું) પ્રતિ,...જાણ તથા અમલ   માટે.

અપીલ અરજી નં.૧ તા.૧૪–૦૬–૧૩

સામાવાળા : આસી.લો ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતું)

ફરીયાદની હકીકત :–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ અરજદારશ્રીની આઈ.ડી.નં.૨૦૨ તા.૨૫–૦૪–૧૩ ની અરજીથી સુરત મહાનગરપાલિકા પાસે શ્રી પી.જી.દેસાઈના તા.૦૧–૦૧–૨૦૧૦ થી આજદિન સુધીની ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટમાં હાલ ચાલુ અને નિકાલની માહિતી તથા BPMC Act કલમ ૭–ડી હેઠળ જાણ કરવામાં આવેલ છે કે કેમ તે બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૧૪–૦૬–૧૩ ની SMC/FAP/ નં.૧/ ૨૦૧૩–૧૪

અરજદારશ્રી દ્વારા તા.૨૫–૦૪–૧૩ ની અરજીથી શ્રી પી. જી.દેસાઈની તા.૦૧–૦૧–૨૦૧૦ થી આજદિન સુધી સુરત મહાનગરપાલિકા વિરૂધ્ધ ચાલતા કેસો અને સુરત મહાનગરપાલિકાએ દાખલ કરેલ કેસો (ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટમાં) હાલ ચાલુ અને નિકાલ થયા હોય તેવા કેસોમાં સીનીયર કાઉન્સીલર તરીકે રોકેલ હોય તેની સંપુર્ણ માહિતી તેમજ કોની મંજુરીથી રોકેલ? તેમજ તેઓને કેટલી ફી ચુકવાઈ છે? સદર ફી ચુકવવા માટે સ્થાયી સમિતિ, કાયદા સમિતિના ઠરાવો ન થયેલ હોય તેવા સંજોગોમાં આ ફી કયા વ્યાજબીપણાના આધારે ચુકવાઈ છે? ચુકવાયેલ ફી બાબતે સ્થાયી સમિતિને BPMC Act કલમ ૭–ડી હેઠળ જાણ કરવામાં આવેલ છે કે કેમ વિગેરેની માહિતી બાબતે મદદનીશ કાયદા અધિકારી અને જાહેર માહિતી અધિકારી કાયદા ખાતાના પત્ર નં.કાયદા વિભાગ/ આરટીઆઈ સેલ/૧૨૬ તા.૦૩–૦૫–૧૩ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ અપીલ અધિકારીને તા.૧૪–૦૬–૧૩ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવાજોગ પુરક માહિતીની વિગતો સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તક આપવા સાથે વિગતો સહિત તા.૦૫–૦૭–૧૩ ના રોજ બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં ઉપસ્થિત રહેવા જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરને તથા સરખા પત્ર નંબર અને તારીખથી અરજદારને પત્ર પાઠવવામાં આવેલ છે.

જેના અનુસંધાને સુનાવણીની તારીખે અને સમયે અરજદાર ઉપસ્થિત રહેલ અને રજુઆત કરેલ કે આરટીઆઈની આઈ.ડી.નં.૨૦૨ તા.૨૫–૦૪–૧૩ માંગેલ માહિતી અંગે ત્રણ ખાતા ફાઈનાન્સ/ એકાઉન્ટ/ આરટીઆઈ સેલની માહિતી મળેલ નથી તેની જાણ થઈ ત્યાર પછી અપીલ દાખલ કરવાની ફરજ પડી છે. જે અંગે જણાવવાનું કે આરટીઆઈ આઈ.ડી.નં.૨૦૨ તા.૨૫–૦૪–૧૩ ની સેન્ટ્રલ ઝોનમાં માહિતી માંગતી અરજી કરેલ. જે અરજી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ મુજબ મુળ અરજી સેન્ટ્રલ ઝોન તરફથી કાયદા ખાતાને તબદીલ કરવામાં આવેલ. સદર અરજી તબદીલ થઈને આવેલ હોવાથી કાયદા ખાતા તરફથી જે તે ઝોનોમાં તબદીલ કરવામાં આવેલ હતી. અને કાયદા ખાતાની માહિતી અંગે આપને નં.લો./આર.ટી.આઈ./આ.૧૬૨ તા.૧૪–૦૫–૨૦૧૩ થી માહિતી આપવામાં આવેલ અને માહિતીની નકલ માટે નાંણા જમા કરાવવા જાણ કરેલ છે. આમ છતાં આપના દ્વારા કાયદા ખાતાની માહિતી મેળવવા નાંણા જમા ન કરાવવાને કારણે આપની અરજીમાં જણાવ્યા મુજબની માહિતી આપી શકાય તેમ નથી.આવેલ હતી.

વધુમાં આપની અરજીમાં આપશ્રીને કયા વિભાગની માહિતીની જરૂરીયાત છે તે સ્પષ્ટ થતું ન હોવાથી જે તે સમયે અરજી તમામ ઝોનોમાં સમય–મર્યાદામાં તબદીલ કરવામાં આવેલ. આમ છતાં આપની પ્રથમ અપીલની

રજુઆતને ધ્યાને લેતા આપની આર.ટી.આઈ.એકટ ૨૦૦૫ અન્વયેની અરજી અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

અપીલ અધિકારીને અકસ્માત થયો હોવાને કારણે લાંબી રજા ઉપર હોવાથી સમયસર જવાબ આપી શકાયો નથી.

ઉપરોકત હકીકતોને અપીલની સુનાવણીમાં અમારો જવાબ તરીકે માન્ય રાખવા માન સહ નમ્ર અરજ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૦૪–૧૩ની અરજીથી માંગેલ માહિતી માટે મુળ અરજી સેન્ટ્રલ ઝોન તરફથી તબદીલ થયેલ હોય અને તમામ ઝોનોમાં અત્રેથી તબદીલ કરેલ હોય આપની અપીલની રજુઆત અન્વયે જાહેર માહિતી અધિકારીને આ હુકમ મળ્યાને દિન–૧૫ માં એકાઉન્ટ વિભાગ, આર.ટી.આઈ.સેલને તબદીલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

અરજદારે કાયદા ખાતાની માંગ્યા મુજબની માહિતી સમય–મર્યાદામાં નકલ ફી ભરી મેળવેલ ન હોય, આથી વધુ દિન–૧૫ માં માહિતી મેળવી લેવી, અન્યથા જાહેર માહિતી અધિકારીશ્રીએ નિયમાનુસાર કાર્યવાહી કરવી.

(એન.ડી.ચૌહાણ)
ઈ.ચા. લો ઓફિસર
અને અપીલ અધિકારી,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈસેલ/
તા. –૦૭–૨૦૧૩

પ્રતિ,

આસી.લો ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતું) પ્રતિ,......જાણ તથા અમલ માટે.

અપીલ અરજી નં.૧ તા.૧૪–૦૬–૧૩

સામાવાળા : આસી.લો ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતું)

અરજદારની હકીકત :–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ અરજદારશ્રીની આઈ.ડી.નં.૨૦૨ તા.૨૫–૦૪–૧૩ ની અરજીથી સુરત મહાનગરપાલિકા પાસે શ્રી પી.જી.દેસાઈના તા.૦૧–૦૧–૨૦૧૦ થી આજદિન સુધીની ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટમાં હાલ ચાલુ અને નિકાલની માહિતી તથા BPMC Act કલમ ૭૩–ડી હેઠળ જાણ કરવામાં આવેલ છે કે કેમ તે બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૧૪–૦૬–૧૩ ની SMC/FAP/ નં.૧/ ૨૦૧૩–૧૪

અરજદારશ્રી દ્વારા તા.૨૫–૦૪–૧૩ ની અરજીથી શ્રી પી. જી.દેસાઈની તા.૦૧–૦૧–૨૦૧૦ થી આજદિન સુધી સુરત મહાનગરપાલિકા વિરૂધ્ધ ચાલતા કેસો અને સુરત મહાનગરપાલિકાએ દાખલ કરેલ કેસો (ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટમાં) હાલ ચાલુ અને નિકાલ થયા હોય તેવા કેસોમાં સીનીયર કાઉન્સીલર તરીકે રોકેલ હોય તેની સંપુર્ણ માહિતી તેમજ કોની મંજુરીથી રોકેલ? તેમજ તેઓને કેટલી ફી ચુકવાઈ છે? સદર ફી ચુકવવા માટે સ્થાયી સમિતિ, કાયદા સમિતિના ઠરાવો ન થયેલ હોય તેવા સંજોગોમાં આ ફી કયા વ્યાજબીપણાના આધારે ચુકવાઈ છે? ચુકવાયેલ ફી બાબતે સ્થાયી સમિતિને BPMC Act કલમ ૭૩–ડી હેઠળ જાણ કરવામાં આવેલ છે કે કેમ વિગેરેની માહિતી બાબતે મદદનીશ કાયદા અધિકારી અને જાહેર માહિતી અધિકારી કાયદા ખાતાના પત્ર નં.કાયદા વિભાગ/ આરટીઆઈ સેલ/૧૨૬ તા.૦૩–૦૫–૧૩ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ અપીલ અધિકારીને તા.૧૪–૦૬–૧૩ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જેના અનુસંધાને સુનાવણીની તારીખે અને સમયે અરજદાર ઉપસ્થિત રહેલ અને રજુઆત કરેલ કે આરટીઆઈની આઈ.ડી.નં.૨૦૨ તા.૨૫–૦૪–૧૩ માંગેલ માહિતી અંગે ત્રણ ખાતા ફાઈનાન્સ/ એકાઉન્ટ/ આરટીઆઈ સેલની માહિતી મળેલ નથી તેની જાણ થઈ ત્યાર પછી અપીલ દાખલ કરવાની ફરજ પડી છે. જે અંગે જણાવવાનું કે આરટીઆઈ આઈ.ડી.નં.૨૦૨ તા.૨૫–૦૪–૧૩ ની સેન્ટ્રલ ઝોનમાં માહિતી માંગતી અરજી કરેલ. જે અરજી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ મુજબ મુળ અરજી સેન્ટ્રલ ઝોન તરફથી કાયદા ખાતાને તબદીલ કરવામાં આવેલ. સદર અરજી તબદીલ થઈને આવેલ હોવાથી કાયદા ખાતા તરફથી જે તે ઝોનોમાં તબદીલ કરવામાં આવેલ હતી. અને કાયદા ખાતાની માહિતી અંગે આપને નં.લો./આર.ટી.આઈ./આ.૧૬૨ તા.૧૪–૦૫–૨૦૧૩ થી માહિતી આપવામાં આવેલ અને માહિતીની નકલ માટે નાંણા જમા કરાવવા જાણ કરેલ છે.

અરજદાર તેમજ જાહેર માહિતી અધિકારીની મૌખિક રજુઆતો જોતા અરજદાર તરફથી જે માહિતી માંગવામાં આવી છે તે માહિતી આપવા માટે નકલના ખર્ચના નાંણા રૂા.૩૦૬/– નં.લો/ આરટીઆઈ/ આ.૧૬૨ તા.૧૪–૦૫–૨૦૧૩ થી અરજદારને જાણ કરેલ છે. કાયદા ખાતા દ્વારા માહિતી આપવા માટેના ખર્ચના નાંણા જમા કરાવવા માટે અરજદારશ્રીને જાણ કરવામાં આવેલ હતી. અરજદારની અરજીમાં માંગેલ માહિતી આપવી કે કેમ? તે બાબતની જાહેર માહિતી અધિકારીએ નિર્ણય કરેલ નથી. એટલે કે હાલમાં પણ અરજદારની માહિતી માંગતી અરજી તેઓશ્રીએ ખર્ચના નાંણા જમા ન કરાવ્યા હોવાને કારણે નિર્ણય માટે મુલતવી રાખેલ છે. એટલે કે કાયદા ખાતા દ્વારા કરવામાં આવેલ જાણના પત્ર સામે માહિતી અધિકારના કાયદામાં અરજીનો નિકલ ન થયેલ હોવાને કારણે કાયદાની જોગવાઈઓ મુજબ અપીલ ચાલી શકે તેમ નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

# હુકમ

૧. જાહેર માહિતી અધિકારીએ અરજદારે કરેલ માહિતી માંગતી અરજીમાં જણાવેલ વિભાગો જેવાં કે નાંણા વિભાગ, મ્યુ.કમિશ્નર કચેરીમાં અરજદારે માંગેલ માહિતી તાકીદે પુરી પાડવા તેમના તરફ મોકલાવીએ.

૨. આ અરજી કાયદાની જોગવાઈ મુજબ ચાલી શકે તેમ ન હોય અપીલ અરજી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(એન.ડી.ચૌહાણ)

ઈ.ચા. લો ઓફિસર

અને અપીલ અધિકારી,

સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈસેલ/

તા. –૦૮–૨૦૧૩

પ્રતિ,

(૧) આસી.લો ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતું) પ્રતિ,......જાણ તથા અમલ માટે.

(૨) આર.ટી.આઈ.સેલ પ્રતિ,...............જાણ સારૂ.

અપીલ અરજી નં.૧ તા.૦૮–૧૨–૧૪

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને બીજી શ્રેણી કલાર્ક (કાયદા ખાતું)

અરજદારની હકીકત :–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ અરજદારશ્રીની આઈ.ડી.નં.૧૬૬૫ તા.૦૪–૧૦–૧૪ ની અરજીથી સુરત મહાનગરપાલિકા પાસે માહિતી અધિકાર ૨૦૦૫ અન્વયે(આર.ટી.આઈ)એકટ હેઠળ માહિતી આપવા તથા માહિતીની સર્ટીફાઈડ નકલ મુદ્દા નં.૧ થી ૯ અંગે અત્રેનાં ખાતામાં મુદ્દા નં.૬ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૦૮–૧૨–૧૪ ની SMC/FAP/ નં.૧/ ૨૦૧૪–૧૫

અરજદારશ્રી દ્વારા તા.૦૪–૧૦–૧૪ ની અરજીથી આસી.મ્યુ.કમિશનરશ્રીની મુદ્દા નં.૧થી૯ની માહિતીનાં અનુસંધાનમાં માંગેલ માહિતીનાં મુદ્દા નં.૬ અન્વયે આસી.કમિશનરની જગ્યા પર આઠ ઉમેદવારોને જગ્યા આપવામાં આવેલ છે. જેમાં શા.શૈક્ષણિક પછાત વર્ગની પ્રતિક્ષાયાદી ઉમેદવાર નં.૧ ગાંધી જયેશકુમાર ચંપકલાલને રાખેલ છે. વિગેરેની માહિતી બાબતે બીજી શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી કાયદા ખાતાના પત્ર નં.કાયદા વિભાગ/ આરટીઆઈ સેલ/૬૮૦ તા.૧૪–૧૧–૧૪ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ અપીલ અધિકારીએ તા.૦૮–૧૨–૧૪ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જેના અનુસંધાને અપીલ અધિકારી સમક્ષ તાઃ૧૨/૧૨/૨૦૧૪નાં રોજ ૧ઃ૩૦ કલાકે રૂબરૂ રજુઆત અંગે મૂળ અરજીની નકલ સાથે અચુક હાજર રહેવા કાયદાખાતાનાં આ.નં.લો/૭૭૧ તાઃ૦૯/૧૨/૨૦૧૪થી જાણ કરેલ અને તેમ છતા પોસ્ટ ઓફીસમાં તપાસ કરતા માલૂમ પડેલ છે કે આપને તાઃ૧૦/૧૨/૨૦૧૪નાં રોજ ટપાલ મળેલ હતી, તેમ છતા તાઃ૧૨/૧૨/૨૦૧૪નાં રોજ આપ હાજર રહેલ ન હોય,અને તે અંગે આપની નવી મુદ્દત માંગતી અરજી આજદિન સુધી મળેલ નથી,અને આપે ટેલીફોનિકથી પણ કોઈ પણ જાતની જાણ કરેલ નથી, અરજદારને નવી મુદ્દત માંગતી અરજી અન્વયે કાયદાખાતાનાં આ.નં.લો/૭૯૭ તાઃ૧૬/૧૨/૨૦૧૪ દિન–(૭)માં જાણ કરવા જણાવેલ અને જો જાણ કરવામાં ન આવે તો આપની અરજીમાં એકતરફી નિર્ણય લેવામાં આવશે,તેમ જણાવેલ હોવા છતા,આજદિન સુધી આપનાં તરફથી કોઈપણ જાતની જાણ કરવામાં આવેલ નથી.

કાયદા ખાતાનાં જાહેર માહિતી અધિકાર દ્વારા આપવામાં આવેલ જવાબ સામે અરજદારે અપીલ કરેલ હોય, કાયદાની જોગવાઈઓ મુજબ અપીલ ચાલી શકે તેમ નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૪–૧૦–૨૦૧૪ ની અરજીથી માંગેલ માહિતી માટે મુળ અરજી કાયદા ખાતાના જાહેર માહિતી અધિકારીને મોકલાવવામાં આવેલ. પરંતુ મુદ્દા નં.૬ અંગેની માહિતી કાયદાખાતા એ આપેલ હોય, જે માહિતી અન્વયે અરજદારે અપીલ કરેલ છે જેના અનુસંધાનમાં અપીલ અરજી સંદર્ભે અરજદારને સુનાવણી તાઃ૧૨/૧૨/૨૦૧૪નાં રોજ હાજર રહેવા રૂબરૂ રજુઆત કરવા સુનાવણી તારીખે જણાવેલ પરંતુ હાજર રહેલ ન હોય,અને તે અંગે નવી મુદ્દત માંગતી અરજી આજદિન સુધી મળેલ નથી તેમજ ટેલીફોનથી પણ જાણ કરેલ નથી આમ આ.નં.લો/૭૯૭ તાઃ૧૬/૧૨/૨૦૧૪થી જણાવેલ તે દિન–(૭)માં જાણ કરવામાં ન આવે તો અપીલ અરજીમાં એકતરફી નિર્ણય લેવામાં આવશે પરંતુ આજદિન સુધી અરજદારે કોઈ પણ જાતની જાણ કરેલ ન હોવાથી અપીલ દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ આ હુકમની જાણ અરજદારને લેખિતમાં કરવા સુચના આપવામાં આવે છે.

(જે.સી.ગાંધી)

ઈ.ચા. લો ઓફિસર

અને અપીલ અધિકારી,

સુરત મહાનગરપાલિકા.

નં.આ.લો/

તા.   –૦૧–૨૦૧૫

પ્રતિ,

બીજી શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતું) પ્રતિ,........જાણ તથા અમલ માટે.

અપીલ અરજી નં.૧ તા.૧૨/૧૨/૧૪

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને બીજી શ્રેણી કલાર્ક (કાયદા ખાતું)

અરજદારની હકીકત :–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ અરજદારશ્રી નરેશ એન.બથવારની આઈ.ડી.નં.૪૯૩ ની અરજીથી સુરત મહાનગરપાલિકા પાસે માહિતી અધિકાર ૨૦૦૫ અન્વયે(આર.ટી.આઈ)એકટ હેઠળ માહિતી આપવા તથા માહિતીની સર્ટીફાઈડ નકલ મુદ્દા નં.૧ થી ૧૦ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૧૨/૧૨/૧૪ ની SMC/FAP/ નં.૧/ ૨૦૧૪–૧૫

અરજદારશ્રી દ્વારા આઈ.ડી.નં.૪૮૨ તા.૦૭–૧૧–૧૪ ની અરજીથી મુદ્દા નં.૧થી૧૦ની માહિતી માંગવામાં આવેલ જે અન્વયે કાયદા ખાતાને માહિતી સ્પર્શતી ન હોવાથી સંગ્રહિત માહિતી આપવાની રહેતી નથી જેનો નીલ રીપોર્ટ આ.નં.લો/૭૭૫ તાઃ૧૦/૧૨/૨૦૧૪નાં રોજ આપવામાં આવેલ છે જે આપશ્રીની જાણ માટે.

અપીલ અધિકારીએ તાઃ૧૨/૧૨/૨૦૧૪નાં રોજ આઈ.ડી.નં.૪૯૩નાં અનુસંધાનમાં પ્રથમ અપીલ કરેલ છે સદરહુ અરજી અત્રેનાં કાયદા ખાતાને મળેલ નથી. આમ આઈ.ડી.નં.૪૯૩નાં અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને બીજી શ્રેણી કલાર્કે ખાતાનાં રેકર્ડ પર જોતા આ અંગેની અરજી મળેલ નથી તેમજ સદર અરજી અને અપીલની વિગત જોતા સદરહુ અરજી અત્રેનાં ખાતાને લાગુ પડતી નથી જે અંગે કોઈ જવાબ આપવાનો રહેતો નથી તેવું મંતવ્ય તાઃ૨૨/૧૨/૨૦૧૪નાં રોજ પૂર્તતા રીપોર્ટ રજુ કરેલ છે.

કાયદા ખાતાનાં જાહેર માહિતી અધિકાર દ્વારા આપવામાં આવેલ જવાબનાં અનુસંધાનમાં અપીલ અધિકારી સમક્ષ અરજદારને તાઃ૦૧/૦૧/૨૦૧૫નાં રોજ ૪ઃ૦૦ કલાકે અરજી સંદર્ભે રૂબરૂ રજુઆત અંગે હાજર રહેવા આ.નં.લો/૭૯૮ તાઃ૧૭/૧૨/૨૦૧૪નાં રોજ જાણ કરેલ જે અન્વયે અરજદારે તાઃ૩૦/૧૨/૨૦૧૪નાં રોજનાં પત્ર દ્વારા જણાવેલ કે અરજદાર તાઃ૦૧/૦૧/૨૦૧૫નાં રોજ ગુજરાત રાજય માહિતી અધિકાર આયોગમાં સુનાવણીમાં રૂબરૂ હાજર રહેવા જનાર હોય,જેથી તાઃ૦૧/૦૧/૨૦૧૫નાં રોજ અત્રેનાં ખાતામાં ઉપસ્થિત રહી શકે તેમ નથી તે અંગે નવી મુદ્દત માંગતી અરજી બાબતે અરજદારને તાઃ૧૫/૦૧/૨૦૧૫નાં રોજ ૪ઃ૦૦ કલાકે હાજર રહેવા જણાવેલ.

કાયદા ખાતાનાં જાહેર માહિતી અધિકારી તેમજ અરજદારની રૂબરૂ સુનાવણી દરમ્યાન અપીલ તેમજ આઈ.ડી.નં.૪૯૩ની હકીકતની માહિતી અત્રેનાં વિભાગને સ્પર્શતી ન હોય, તેમજ સંગ્રહિત રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય,તેથી માહિતી આપવાની રહેતી ન હોય, તેમજ આ અરજી ડે.ઈજનેરશ્રી ગાર્ડન પ્રોજેકટ સેલને તબદીલ કરવા અરજદારે સુનાવણી તારીખે મૌખિક સમંતિ આપેલ હોય,તે હકીકત જોતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

**અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.**

**સદર અપીલ અને અરજીની વિગત જોતા તેમજ અરજદારની તાઃ૧૫/૦૧/૨૦૧૫ની સુનાવણી ધ્યાને લેતા જાહેર માહિતી અધિકારી અને બીજી શ્રેણી કલાર્ક કાયદા વિભાગે કોઈ માહિતી આપવાની રહેતી ન હોય, સદર અપીલ અરજી ગાર્ડન પ્રોજેકટ સેલ વિભાગને તબદીલ કરવામાં આવે છે. તેમજ આ હુકમની જાણ અરજદારને લેખિતમાં કરવા સુચના આપવામાં આવે છે.**

(જે.સી.ગાંધી)

**ઈ.ચા. લો ઓફિસર**

**નં.આરટીઆઈસેલ/** **અને અપીલ અધિકારી,**

**તા. –૦૧–૨૦૧૫** **સુરત મહાનગરપાલિકા.**

**પ્રતિ,**

**બીજી શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતું) પ્રતિ,........જાણ તથા અમલ માટે.**

અપીલ અરજી નં.૧ તા.૨૮–૧૦–૧૪

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને બીજી શ્રેણી કલાર્ક (કાયદા ખાતું)

અરજદારની હકીકત :–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ અરજદારશ્રીની તા.૧૨–૦૯–૧૪ ની અરજીથી સુરત મહાનગરપાલિકા પાસે માહિતી અધિકાર ૨૦૦૫ અન્વયે(આર.ટી.આઈ)એકટ હેઠળ માહિતી આપવા તથા માહિતીની સર્ટીફાઈડ નકલ મુદ્દા નં.૧ થી ૭ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૨૮–૧૦–૧૪ ની SMC/FAP/ નં.૧/ ૨૦૧૪–૧૫

અરજદારશ્રી દ્વારા તા.૧૨–૦૯–૧૪ ની અરજીથી એડવોકેટશ્રી એ.સી.દલાલની મુદ્દા નં.૧ થી ૭ની માહિતીનાં અનુસંધાનમાં માંગેલ માહિતીનાં મુદ્દા અન્વયે કાયદાખાતાને સ્પર્શતો ન હોય,જકાત ખાતા સાથે વધુ નિકટતાથી સંકડાયેલ હોવાથી સદરહુ અરજી જકાતખાતા, ટાઉનપ્લાનીંગખાતા, તેમજ હિસાબીખાતાને આ.નં.લો/૫૩૧ તાઃ૧૮/૦૯/૨૦૧૪થી સંપૂર્ણ તબદીલ કરવામાં આવે છે. જે આપશ્રીની જાણ માટે.માંગેલ માહિતીનાં અનુસંધાનમાં એકા/એસ/આર/નં./૬૦ તાઃ૨૫/૦૯/૨૦૧૪થી એડવોકેટશ્રી એ.સી.દલાલની ફીનાં નાણા ચુકવવા અંગેની માહિતીનું પત્રક મોકલાવેલ જે અન્વયે કાયદાખાતાનાં આ.નં.લો/૫૭૧ તાઃ૩૦/૦૯/૨૦૧૪થી પાના દીઠ ૨ લેખે પાના નંગ ૬ નાં રૂા.૧૨/– ભરપાઈ કરી નકલ મેળવવા અંગે જણાવેલ જે આજ દીન સુધી આપનાં તરફથી કોઈ પ્રત્યુત્તર મળેલ નથી. તેમજ ટાઉન પ્લાનીંગખાતાએ અને જકાતખાતાએ પણ આપની અરજીનો જવાબ પાઠવેલ છે.આમ અરજદારે કરેલ અરજી તેમજ પ્રથમ અપીલનાં મુદ્દાઓ જોતા બંન્ને વચ્ચે તફાવત જોવા મળે છે.તેમ છતા અરજદારે અપીલ અધિકારીને તાઃ૨૮/૧૦/૨૦૧૪નાં રોજ અપીલ કરેલ છે.

જેના અનુસંધાને અપીલ અધિકારી સમક્ષ તાઃ૧૧/૧૧/૨૦૧૪નાં રોજ ૩ઃ૩૦ કલાકે રૂબરૂ રજુઆત અંગે મૂળ અરજીની નકલ સાથે અચુક હાજર રહેવા કાયદાખાતાનાં આ.નં.લો/૬૩૭ તાઃ૩૦/૧૦/૨૦૧૪થી જાણ કરેલ પરંતુ અરજદારની તબિયત બહુજ ખરાબ હોવાથી, ટેલીફોન પર જાણ કરેલ તેમજ તાઃ૧૮/૧૧/૨૦૧૪નાં પત્રથી નવી મુદૃત માંગતી અપીલની બીજી તારીખ આપવા અંગે જણાવેલ અરજદારને નવી મુદૃત માંગતી અરજી અન્વયે કાયદાખાતાનાં આ.નં.લો/૭૧૪ તાઃ૨૧/૧૧/૨૦૧૪થી સુનાવણી તાઃ૦૯/૧૨/૨૦૧૪નાં રોજ સાંજે ૪ઃ૦૦ કલાકે અચુક હાજર રહેવા જણાવેલ પરંતુ ફરી તબિયત સારી ન હોવાથી આપ હાજર રહી શકેલ નથી,અરજદાર સાથે ટેલીફોનથી થયેલ ચર્ચા મુજબ આપની નવી મુદૃત માંગતી અરજી આજદિન સુધી મળેલ નથી જે અન્વયે આ.નં.લો/૭૯૬ તાઃ૧૬/૧૨/૨૦૧૪થી અરજદારને જણાવેલ કે દિન–(૭)માં નવી મુદૃત માંગતી અરજી અત્રેનાં ખાતાને ન મળે તો આપની અરજીમાં એકતરફી નિર્ણય લેવામાં આવશે તેમ છતા આજદિન સુધી આપનાં તરફથી કોઈપણ જાતની જાણ કરવામાં આવેલ નથી.

કાયદા ખાતાનાં જાહેર માહિતી અધિકાર દ્રારા આપવામાં આવેલ જવાબ સામે અરજદારે અપીલ કરેલ હોય, કાયદાની જોગવાઈઓ મુજબ અપીલ ચાલી શકે તેમ નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૦૯–૨૦૧૪ ની અરજીથી માંગેલ માહિતી માટે મુળ અરજી કાયદા ખાતાના જાહેર માહિતી અધિકારીને મોકલાવવામાં આવેલ. પરંતુ સદરહુ માહિતી જકાતખાતુ, ટાઉનપ્લાનીંગાખાતું, તેમજ હિસાબીખાતાને લગતી હોવાથી સંપુર્ણ તબદીલ કરેલ હોય,જે માહિતી અન્વયે અરજદારે અપીલ કરેલ છે. જેના અનુસંધાનમાં અપીલ અરજી સંદર્ભે અરજદારને સુનાવણી તાઃ૦૯/૧૨/૨૦૧૪નાં રોજ હાજર રહેવા રૂબરૂ રજુઆત કરવા સુનાવણી તારીખે જણાવેલ પરંતુ હાજર રહેલ ન હોય,અને તે અંગે નવી મુદ્દત માંગતી અરજી આજદિન સુધી મળેલ નથી તેમજ ટેલીફોનથી પણ જાણ કરેલ નથી આમ આ.નં.લો/૭૯૬ તાઃ૧૬/૧૨/૨૦૧૪થી જણાવેલ તે દિન–(૭)માં જાણ કરવામાં ન આવે તો અપીલ અરજીમાં એકતરફી નિર્ણય લેવામાં આવશે પરંતુ આજદિન સુધી અરજદારે કોઈ પણ જાતની જાણ કરેલ ન હોવાથી તેમજ અરજદારે અરજીની માહિતીનાં રૂા.૧૨/– સમય મર્યાદામાં જમા કરાવેલ ન હોય,તેવું જાહેર માહિતી અને બીજી શ્રેણી કલાર્કનાં પૂર્તતા રીપોર્ટ ધ્યાને લેતા અપીલ દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ આ હુકમની જાણ અરજદારને લેખિતમાં કરવા સુચના આપવામાં આવે છે.

(જે.સી.ગાંધી)
ઈ.ચા. લો ઓફિસર
અને અપીલ અધિકારી,
સુરત મહાનગરપાલિકા.

નં.આ.લો/
તા. –૦૧–૨૦૧૫

પ્રતિ,

બીજી શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતું) પ્રતિ,........જાણ તથા અમલ માટે.

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને બીજી શ્રેણી કલાર્ક (કાયદા ખાતું)

અરજદારની હકીકત :–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ અરદારશ્રી ની તા.૨૬–૦૩–૧૫ ની અરજીથી સુરત મહાનગરપાલિકા પાસે માહિતી અધિકાર ૨૦૦૫ અન્વયે(આર.ટી.આઈ)એકટ હેઠળ માહિતી આપવા તથા માહિતીની સર્ટીફાઈડ નકલ મુદ્દા નં. થી ૮ની માહિતી આપવા બાબત.

